BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટન એક્સેસિબિલિટી એવોર્ડ્સ માટે નામાંકનો હવે ખુલ્યા છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 2, 2021) – સીટી ઓફ બ્રેમ્પટનના 2021 એક્સેસિબિલિટી એવોર્ડ્સ માટે નામાંકનો (નોમિનેશન્સ) હવે ખુલ્યા છે.

એક્સેસિબિલિટી એવોર્ડ્સ એક નાગરિક ઓળખ અપાવતો કાર્યક્રમ છે જે બ્રેમ્પટનમાં અશક્તતા ધરાવતા લોકો માટે પ્રવેશ સુલભતા (એક્સેસિબિલિટી) અને સમાવેશકરણમાં કટિબદ્ધતા દર્શાવતી વ્યક્તિઓ, સમુદાયો અને સંસ્થાઓને ઓળખ આપે છે.

નામાંકનોનું મૂલ્યાંકન નીચેના ક્ષેત્રોમાં મેળવેલી ઉપલબ્ધિઓ અને આપેલા ફાળાના આધારે કરવામાં આવે છે:

- **અવરોધો ટાળવા અને હટાવવા** – અવરોધની પ્રકૃતિ વર્તન સંબંધિત, વાતચીતને લગતી, શારીરિક, કાર્યક્રમ સંબંધિત, સામાજિક, અથવા પરિવહન કે કાર્યનીતિને સંબંધિત હોઈ શકે.
- **અશક્તતા ધરાવતી વ્યક્તિઓને સવલત પૂરી પાડવી** – સવલત પૂરી પાડવામાં જગ્યા, સમયપત્રક કે કાર્યમાં સુધારાનો સમાવેશ થઈ શકે જે વ્યક્તિને સમુદાયમાં સહભાગી થવામાં સક્ષમ બનાવે.
- **એક્સેસિબિલિટી એમ્બેસેડર કે ચેમ્પિયન તરીકે કાર્યરત રહેવું** – સમુદાયમાં પ્રવેશ સુલભતાને લગતી જાગરૂકતા લાવવાને પ્રોત્સાહન આપવું.
- **અશક્તતા ધરાવતી વ્યક્તિઓ માટે રોજગાર સહાયતા પૂરી પાડવી** – કાર્યસ્થળે સહભાગી થવાની તકો ઊભી કરવી.
- **અનુકરણીય સુલભ ગ્રાહક સેવા પૂરી પાડવી** – ગ્રાહકની માગણી સમજવામાં અને યોગ્ય ઉકેલ આપવાની તૈયારી બતાવવામાં સમય લેવો.
- **સ્વતંત્ર જીવન માટે સહાયતા પૂરી પાડવી** – આવડતો કેળવવા તાલીમ અને મદદ આપીને સહાયરૂપ થવું.

આ વર્ષે નવું, સેલ્ફ નોમિનેશન્સ (પોતાના નામાંકનો) સમાવવા એવોર્ડ્સ કાર્યક્રમ અદ્યતન કરવામાં આવ્યો છે.

એક ઍવોર્ડ માટે પાત્ર બનવાના હેતુસર, નોમિનીએ અચૂક બ્રેમ્પટનવાસી, બ્રેમ્પટનમાં કાર્યરત સમુદાય કે નફો ન રળનારી સંસ્થા, અથવા બ્રેમ્પટનમાં ધંધાના માલિક હોવું રહ્યું. નોમિનીઓની ઉપલબ્ધિઓ અને ફાળાથી બ્રેમ્પટન સમુદાયને લાભ મળવો રહ્યો.

નામાંકનો માર્ચ 31 સુધીમાં સ્વીકારવામાં આવશે. એવોર્ડ્સ વસંત ઋતુમાં આપવામાં આવશે.

એક્સેસિબિલિટી એવોર્ડ્સ અને ઓનલાઇન નામાંકન ફોર્મ પર વધુ માહિતી મેળવવા રહેવાસીઓ વેબસાઇટ www.brampton.ca જોઇ શકે છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન એક રચના (મોઝેઇક) છે, અને સીટી પ્રવેશ સુલભતા વધારવાની અને આપણાં વૈવિધ્યસભર સમુદાયમાં સૌ માટેની સમજ કેળવવાની તકો ઓળખી કાઢવા માટે સમર્પિત છે. જો તમે અશક્તતા ધરાવતા લોકો માટે પ્રવેશ સુલભતા અને સમાવેશ સુધારવા કાર્યરત કોઇ વ્યક્તિ, ધંધો કે સંસ્થાને જાણતા હો તો, હું તમને 2021 એક્સેસિબિલિટી એવોર્ડ્સ માટે તેઓનું નામાંકન રજૂ કરી તેઓને ઓળખ અપાવવા પ્રોત્સાહિત કરું છું. આ આપણાં શહેરને સૌ માટે સમાવેશક બનાવવા કાર્યરત સૌને સ્વીકારવાની અદ્ભૂત તક છે.

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“સીટી ઓફ બ્રેમ્પટન અને પીલ્સ એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટીસના સભ્ય તરીકે, આપણાં સમગ્ર શહેરમાં લોકો દ્વારા બ્રેમ્પટનને બધી ક્ષમતાઓ ધરાવતા લોકો માટે પ્રવેશ સુલભ અને સમાવેશ યોગ્ય બનાવવા કરવામાં આવતી કામગીરી માટે મને ગૌરવ થાય  છે. જો તમે વિવિધતાના ચેમ્પિયન્સ અને આપણાં સમુદાયમાં તફાવત ઊભો કરવા કાર્યરત કોઈ વ્યક્તિ, ધંધો કે સંસ્થાને જાણતા હો તો, કૃપા કરી તેઓને એક્સેસિબિલિટી એવોર્ડ માટે નામાંકન રજૂ કરવા કહો. સાથે મળીને, આપણે બધી ક્ષમતા ધરાવતા લોકો માટે બ્રેમ્પટનને વધારે પહોંચ સુલભ બનાવી શકીએ છીએ.”

*- પૅટ ફૉર્ટિની (Pat Fortini), પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 7 અને 8; સભ્ય, સીટી ઓફ બ્રેમ્પટન એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટી; સભ્ય, રીજીયન ઓફ પીલ એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટી*

“શહેરમાં, અમે બધી ઉંમરના અને ક્ષમતાઓ ધરાવતા લોકો બ્રેમ્પટનમાં એકસરખી તકોનો આનંદ માણે એ ખાતરી કરવા સમર્પિત છીએ અને બધી ક્ષમતાઓ ધરાવતા લોકો માટે પ્રવેશ સુલભ જગ્યાઓનું નિર્માણ કરી રહ્યાં છીએ. બ્રેમ્પટનમાં એક્સેસિબિલિટી વધારવામાં અમને મદદરૂપ થતા આપણાં સમુદાયના લોકોનો આભાર. એક્સેસિબિલિટી એવોર્ડ્સ પ્રવેશ સુલભતા અને અશક્તતા ધરાવતા લોકોના સમાવેશકરણને સમર્પિત લોકો, ધંધાઓ અને સંસ્થાઓને ઓળખ અપાવવાની તક આપે છે.”

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca